GJVD070000592013

**<u>રેગ્યુલર દિવાની કેસ નં. ૩૫/૨૦૧૩</u>**

## –:: <u>આંક:– ૦૧ લગત હુકમ</u> ::–

આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે મુદત તારીખ–૨૮–૦૨–૨૦૨૫ ના મુદ્દા ઘડવામાં આવેલ છે. મુદત તારીખ–૧૭–૦૬–૨૦૨૫ ના રોજ દસ્તાવેજ પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવે છે. પરંતુ આજદિન સુધી વાદી તર્ફે સોગંદ ઉપર જુબાની રજુ કરવામાં આવેલ નથી. વાદીની ઉંમર દાવો દાખલ કર્યા ત્યારે ઉ.૬૯ વર્ષ જણાય છે અને હાલમાં આશરે ઉ.વ.૮૦ જણાય છે. વાદી તર્ફે બિમારી અંગે કોઇ જ પુરાવો રજુ કરવામાં આવતો નથી. વાદીના વિદ્ધાન વકીલશ્રીએ તા.૨૦–૦૭–૨૦૨૬ ના રોજ પુરાવો રજુ કરવા માટે મુદત અરજ આપેલ, જે નામંજુર કરવામાં આવેલ છે અને તે જ દિવસે વાદીનો પુરાવોનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આ કામે વાદી તર્ફે કોઇ આગળ કાર્યવાહી કરવામાં આવતી નથી.

આમ, આજરોજ પોકાર થતા વાદી કે તેમના વિદ્ધાન વકીલશ્રી હાજર નથી. ૫:૦૦ સુધી કોઇ હાજર થયેલ નથી. જેથી હાલનો દાવો વાદીના કસુરના કારણે સી.પી.સી. ઓર્ડર–૧૭ રૂલ ૨, ઓર્ડર–૯ રૂલ ૩ હેઠળ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે જે અરજીઓ પેન્ડીગ હોય તે અરજીઓ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખઃ ૧૨ મી, માહેઃ ઓગષ્ટ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ ૧૨/૦૮/૨૦૨૬
સ્થળઃ ડભોઇ

**(રોહિત જીવણભાઇ પરમાર)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
ડભોઈ.
**જીજે ૦૧૦૦૩**